નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકો (માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક)ની ખાલી જગ્યા પર તાસ દીઠ માનદ વેતનથી (Honorarium per period) શિક્ષણ કાર્ય કરાવવા અંગે

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:-SJED/EOD/e-file/17/2022/0100/J

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૨-૦૮-૨૦૨૩

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગનો તા.૦૬-૦૯-૨૦૨૨નો સમાનાંકી ઠરાવ.
(૨) શિક્ષણ વિભાગનો તા.૨૦-૧૨-૨૦૨૧ના ઠરાવ ક્ર:બમશ-૧૦૧૪-૧૪૦-ગ.
(૩) શિક્ષણ વિભાગનો તા.૨૨-૦૬-૨૦૨૨ના ઠરાવ ક્ર:બમશ-૧૦૧૪-૧૪૦-ગ.
(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૦૯-૦૫-૨૦૨૩નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૯૦૪/૨૦૨૩/ક.

**પ્રસ્તાવના:-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧)માં દર્શાવેલ તા.૦૬-૦૯-૨૦૨૨ના ઠરાવથી, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકો (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)ની કુલ ૧૭૦ ખાલી જગ્યાઓ નિયમિત શિક્ષકથી ન ભરાય અથવા તો ચાલુ શૈક્ષણિક સત્ર સુધી બે માંથી જે વહેલુ હોય તેટલા સમય માટે, શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૨)માં દર્શાવેલ તા.૨૦-૧૨-૨૦૨૧ના ઠરાવથી મંજૂર થયેલ તાસદીઠ અને મહત્તમ દૈનિક માનદ વેતન મુજબ શિક્ષણકાર્ય કરાવવાની મંજૂરી આપવામાં આવેલ.

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૩)માં દર્શાવેલ તા.૨૨-૦૬-૨૦૨૨ના ઠરાવથી શિક્ષણ વિભાગ હેઠળની શાળાઓમાં તાસ દીઠ અને મહત્તમ દૈનિક માનદ વેતનમાં સુધારો કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમ-(૪)માં દર્શાવેલ તા.૦૯-૦૫-૨૦૨૩ના પત્રથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની મદદનીશ શિક્ષકો (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)ની ૧૭૦ ખાલી જગ્યાઓ પર નિયમિત શિક્ષકો ન ભરાય ત્યાં

સુધી પ્રવાસી શિક્ષક યોજનાની મુદ્દત, શૈક્ષણિક વર્ષ:૨૦૨૩-૨૪ પૂર્ણ ન થાય ત્યાં સુધી લંબાવવા તેમજ શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૩)માં દર્શાવેલ તા.૨૨-૦૬-૨૦૨૨ના ઠરાવ મુજબના સુધારેલ દર મુજબ તાસ દીઠ માનદ વેતનથી શિક્ષણકાર્ય કરાવવા અંગે મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપુર્વકની વિચારણાને અંતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકો (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)ની કુલ ૧૭૦ ખાલી જગ્યાઓ નિયમિત શિક્ષકથી ન ભરાય અથવા તો ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૨૩-૨૪ પૂર્ણ ન થાય ત્યાં સુધી એ બે માંથી જે વહેલુ હોય તેટલા સમયગાળા માટે શિક્ષણ વિભાગના તા.૨૨-૦૬-૨૦૨૨ના ઠરાવથી મંજૂર થયેલ નીચે મુજબના તાસદીઠ અને મહત્તમ દૈનિક માનદ વેતન મુજબ શિક્ષણકાર્ય કરાવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | તાસદીઠ માનદ વેતન | મહત્તમ દૈનિક તાસ | મહત્તમ દૈનિક માનદ વેતન |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | માધ્યમિક શિક્ષણ | રૂ.૧૭૫/- | ૫ તાસ | રૂ.૮૭૫/- |
| ૨ | ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ | રૂ.૨૦૦/- | ૪ તાસ | રૂ.૮૦૦/- |

- **માધ્યમિક શિક્ષણમાં** ઉચ્ચક માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદા **રૂા.૧૬,૫૦૦**/-થી વધે નહિ તે મુજબ રહેશે.
- **ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં** ઉચ્ચક માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદા **રૂા.૧૬,૭૦૦**/-થી વધે નહિ તે મુજબ રહેશે.

**૨.** આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તારીખ ૧૭/૦૮/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

eSign

Signed by: Jigar Gijubhai Patel
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Aug-2023 (01:17 PM)

(જીગર પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

**નકલ રવાના:-**

૧. માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

૨. માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

૩. માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, પ્રથમ માળ, સચિવાલય, ગાંધીનગર.

૪. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૫. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, નાંણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૬. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૮. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.

૯. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

૧૦. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

૧૧. સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફતે)

૧૨. સબંધિત નાયબ નિયામકશ્રી (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફતે)

૧૩. સબંધિત સમાજ કલ્યાણ અધિકારી (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફતે)

૧૪. સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય. – ઉકત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.

૧૫. શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૩.